દાખલ તારીખ : ૦૭/૦૧/૨૬
રજી.કર્યા તારીખ : ૦૭/૦૧/૨૬
નિકાલ તારીખ : ૧૬/૦૫/૨૬
**સમય : વર્ષ –માસ–દિવસ**

सत्यमेव जयते

---

# ગઢડાના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં મું.ગઢડા જી.બોટાદ

---

**રેગ્યુલર દિવાની મુકદમાં નં.૫/૨૦૨૬**
**આંક:**

વાદી : – ગુજરાત ઉર્જા વિકાસ નિગમ તે
પશ્ચિમ ગુજરાત વિદ્યુત કંપની લી.
રહે.સબ ઓફીસ ગઢડા,આર–૧
હેડ ઓફીસ.રાજકોટ.

– :: વિરુધ્ધ :: –

પ્રતિવાદી :– ગણેશભાઈ જેરામભાઈ જાડા
ઉ.વ.પુખ્ત,
રહે. ટાટમ, ઠે. ટાવર પાસે,
દિનેશભાઈ માધાભાઈ મીઠાપરાની પાસે,
તા.ગઢડા,જી.બોટાદ.

**પ્રતિનિધિત્વ :–**

વાદી તરફે :– વિધ્વાન વકીલશ્રી.એસ.સી. ઠાકર
પ્રતિવાદી તરફે :– વિધ્વાન વકીલશ્રી.એક તરફી.

---

**વિષય :– વિજ ચોરીના બીલની રકમ રૂા.૧૬,૨૫૯.૭૩/–વસુલ મેળવવા બાબત...**

---

**– :: ચુ કા દો ::–**

(૧) આ કામના વાદીના દાવાની ટુકમાં હકીકત એવી છે કે,વાદી ગુજરાત ઈલેકટ્રીકસીટી ઈન્ડસ્ટ્રીઝ (રી–ઓગેનાઈઝેશન અને રેગ્યુલેશન)એકટ.૨૦૦૩ અન્વયે કાયદેસર રચાયેલ પશ્ચીમ ગુજરાત વિદ્યુત કંપની લી.છે અને વાદી કંપની વિજળીનું વહન,વિતરણ,તથા વિજ પુરવઠો પુરો

પાડવા સહીતનું વિજ વપરાશ અંગેનું કામ કરે છે,વાદી કંપની પાસે વિજ પુરવઠો મેળવવા માટે ગ્રાહકો એ નિયત ફોર્મમાં અરજી કરવાની હોય છે બાદ તેઓને વિજકનેકશન આપવામાં આવે છે આ રીતે વાદી કંપની તથા ગ્રાહક વચ્ચે લાયસન્સ અને ગ્રાહકનો સંબધ હોય છે,આ કામના પ્રતિવાદી દવારા વાદી કંપની પાસે વિજ કનેકશન મેળવવા કોઈ અરજી આપેલ નથી કે તેઓને કંપની દવારા કોઈ વિજકનેકશન આપેલ નથી અને આ રીતે આ કામના પ્રતિવાદી તથા વાદી કંપની વચ્ચે લાયસન્સી ગ્રાહકનો સંબધ ના હોવા છતા વાદી દવારા ગેરકાયરદેસર વિજ વપરાશ કરેલ હોય આવા વિજ ચોરીના બિલની રકમ પ્રતિ વાદી ચુકવવા જવાબદાર થાય છે,આ કામના પ્રતિવાદી ના સ્થળે વાદી કંપનીના ચેકીગ સ્વોર્ડના સભ્યો દવારા ચેકીગ હાથ ધરેલ તે વખતે પી.જી.વી.સી.એલની હળવા દબાણની વિજ લાઈનમાં સર્વિસથી આંકડીયા નાખી પોતાના આર.પી.જી માં બિનઅધિકુત રીતે વિજ ચોરી કરતા મળી આવેલ અને તે સમયે વિજ લોડ ચકાસતા આ કામના પ્રતિવાદી **૦.૯૧૫ હોર્સ પાવર/કિ.વોટ** નો ગેરકાયદેસર વિજવપરાશ કરી ગેરકાયદેસર રીતે વિજ ચોરી કરતા માલુમ પડેલ જે બાબતે તપાસણી અહેવાલ,રોજકામ તૈયાર કરી સ્થળ ઉપરથી વાયર કબજે કરી નોધ કરી વાદી કંપનીના સભ્યોએ સહી કરી પ્રતિવાદી સહી કરવાની ના પાડતા તેની નોધ ચેકીગ શીટમાં કરવામા આવેલ,આ ચેકીગ શીટના આધારે એ.બી.સી.ડી.ફોર્મુલા પ્રમાણે ગણતરી કરી પત્રક તૈયાર કરી વિજચોરીના બીલની રકમ **રૂા.૧૬,૨૫૯.૭૩**/–ભરવા માટે **તા.૦૨/૧૨/૨૫** ના રોજ પ્રતિવાદીને નોટીસ મોકલવામાં આવેલ જે નોટીસ મળવા છતા નાણા ભરવાની દરકાર નહી લેતા હાલનો દાવો લાવેલ છે,અને આ કામના પ્રતિવાદી ગેરકાયદેસર રીતે વાપરેલ વિજ વપરાશની રકમ **રૂા.૧૫,૪૭૨.૯૪/– તથા ડીલે ચાર્જના રૂા.૭૮૬.૭૯/– એમ કુલ રૂા.૧૬,૨૫૯.૭૩** વાર્ષિક **૧૮%** ના વ્યાજ સહીત પ્રતિવાદી ચુકવી આપે તેવું હુકમનામું કરી આપવા અને પ્રતિવાદી આવી રકમ ચુકવવાનો ઈન્કાર કરે તો તેની દરેક પ્રકારની સ્થાવર તથા જંગમ મિલકત હરાજી કરી વસુલ કરી શકે તેવો હુકમ તથા હુકમનામું કરી આપવાની દાદ માંગેલ છે.

(૨) આ કામના પ્રતિવાદીને દાવાનો ધોરણસર સમન્સ કરવામાં આવેલ છે જેની ધોરણસર બજવણી થવા છતા પ્રતિવાદી કે તેઓના તરફે કોઈ વકીલશ્રી હાજર થયેલ નથી,આમ આ કામના પ્રતિવાદીને પુરતી તક અને સમય આપવા છતા હાજર થઈને કોઈ કાર્યવાહી કરેલ ના હોય દિવાની કાર્યરીતી સંહીતાના ઓર્ડર.૯ રૂલ.૬ અન્વયે હાલના દાવાની કાર્યવાહી આ કામના પ્રતિવાદી સામે એક તરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) વાદીની દાવા અરજી તથા દસ્તાવેજોને આધારે **આંક–૦૬** થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

**–:: મુદ્દા ::–**

(૧) શું વાદી પુરવાર કરે છે કે,તેઓ પ્રતિવાદી પાસેથી વિજચોરીના બિલની રકમ **રૂા.૧૬,૨૫૯.૭૩/–**મેળવવા હકદાર છે.?

(૨) શું વાદી તેમની લેણી રકમ ઉપર વ્યાજ મેળવવા હકદાર થાય છે.?

(૩) શું વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે.?

(૪) શું હુકમ અને હુકમનામું.?

(૪) આ કામના વાદી તરફે ઉપરોકત મુદૃા અનુંસંધાને પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| **અનું.નં..** | **મૌખીક પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | સાહેદ ના.ઈજનેરશ્રી જયેશકુમાર જે. પરમારની સોગંદપરની જુબાની | ૦૭ |

| **અનું.નં..** | **દસ્તાવેજી પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | પ્રફોર્મા નં.૧૨ | ૦૯ |
| (૨) | ડી.સી.પી.સ્ટેટમેન્ટ. | ૧૦ |
| (૩) | ફીઝીકલ સાઈટ વેરીફીકેશન | ૧૧ |
| (૪) | લીગલ નોટીસ | ૧૨ |
| (૫) | આર.પી.એડી.ની પહોંચ | ૧૩ |
| (૬) | એફ.આઈ.આર. નોંધવા બાબત | ૧૪ |
| (૭) | પુરવણી બીલ | ૧૫ |
| (૮) | એનેક્ષર–સી | ૧૬ |
| (૯) | તપાસણી અહેવાલ | ૧૭ |
| (૧૦) | સ્થળ રોજકામ | ૧૮ |
| (૧૧) | કલમ–૬૩–૪ સીનું પ્રમાણપત્ર | ૧૯ |
| (૧૨) | એનેક્ષર–૪ | ૨૦ |

આ કામના વાદી તરફે **આંક–૨૧**ની કલોઝીંગ પુરસીસથી પોતાનો પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે.

(૫) આ કામના વાદી તરફે તેઓના વકીલશ્રી દવારા મૌખીક દલીલ કરવામાં આવેલ છે કે,આ કામના પ્રતિવાદી દવારા ગેરકાયદેસર રીતે વિજચોરી કરી વપરાશ કેરલ હોય જે અંગે તેઓને આવા વિજવપરાશ ના બીલની રકમ ચુકવવા માટે નોટીસ આપવા છતા તેઓ દવારા આવી રકમ ભરેલ ના હોય હાલનો દાવો મંજુર કરી વ્યાજ સહીત લેણી રકમ ચુકવી આપવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

(૬) ઉપરોકત મુધ્દાઓના નિર્ણય નીચે મુજબ છે.

**–:: નિર્ણય ::–**

(૧) અંશત:હકારમાં.

(૨) અંશત:હકારમાં.

(૩) અંશત:હકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુધ્દાઓના નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**–:: કારણો ::–**

(૮) મુધ્દાનં.૧ ::–

આ કામના વાદી કંપનીના કેસ મુજબ આ કામના વાદીના ચેકીગ અધિકારીઓ દવારા પ્રતિવાદી ના સ્થળે ચેકીગ કરેલ ત્યારે આ કામના પ્રતિવાદી પોતે વિજકંપનીના ગ્રાહક ના હોવા છતા ગેરકાયદેસર રીતે લાઈન ઉપરથી વાયર નાખી વિજચોરી કરતા માલુમ પડેલ જે બાબતે કંપનીના અધિકારીઓ દવારા નિયમ મુજબની કાર્યવાહી કરેલ અને બાદમાં વાદી કંપની દવારા આવી ગેરકાયદેસર વિજવપરાશના બીલની રકમ ચુકવી આપવા માટે નોટીસ આપેલ જેની બજવણી થવા છતા પ્રતિવાદી દવારા રકમ ચુકવેલ ના હોય હાલનો દાવો કરેલ છે,આ હકીકત પુરવાર કરવા માટે આ કામના વાદી તરફે તેઓના સાહેદ દવારા સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે જેમાં તેઓ દવારા દાવા અરજીમાં જણાવેલ હકીકતોને સમર્થનકારી મૌખીક પુરાવો આપેલ છે અને આ કામના પ્રતિવાદી હાજર રહેલ ના હોય તેઓની સામે હાલના દાવનું કામ એક તરફી ચાલેલ હોય વાદીના સાહેદની ઉલટતપાસ કરીને આ સરતપાસના સોગંદનામામાં આપેલ મૌખીક પુરાવાને પડકારેલ નથી અને આ રીતે વાદીએ રજુ કરેલા આ દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવાને પ્રતિવાદીએ ચેલેન્જ કરેલા ના હોય પરોક્ષ રીતે આ કામના પ્રતિવાદી ધ્વારા વાદીના પુરાવાને એડમીટ કરેલ છે.વધુમાં આ કામે વાદી કંપની તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે દસ્તાવેજી પુરાવા પણ રજુ કરેલા છે જેમાં **આંક–૦૯ થી ૨૦** સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે,આમ આ તમામ દસ્તાવેજો ધ્યાને લેતા બનાવ વખતે આ કામના પ્રતિવાદી દવારા પોતે ગ્રાહક ના હોવા છતા ગેરકાયદેસર રીતે વિજ ચોરી કરી વિજવપરાશ કરેલ હોવાનું તથા આ બાબતે તેઓને વિજવપરાશના બીલની રકમ ચુકવવા માટે નોટીસ આપેલાનું જે નોટીસ તેઓને મળી ગયેલ હોવા છતા તેઓ દવારા આવી રકમ ભરેલ ના હોવાનું પુરવાર થાય છે.વધુમાં આ કામના વાદી વિજપુરવઠો પુરો પાડવાનું કામ કરતી વિજ કંપની છે તેઓને પ્રતિવાદી સામે કોઈ ખોટો દાવો કરવાનું કારણ હોઈ શકે નહી,આ કામના વાદી વિજ કંપનીના પ્રતિવાદી પાસેથી વિજ વપરાશની લેણી રકમ પેટે **રૂા.૧૫,૪૭૨.૯૪** અને ડી.પી.સી.પેટે **રૂા.૭૮૬.૭૯** વધુ માંગી રહયા છે.

પરંતુ આ રકમની કેવી રીતે ગણતરી કરવામાં આવેલ છે તે દર્શાવવામાં આવેલ નથી.વધુમાં વાદી કંપની જ્યારે જ્યારે પ્રતિવાદીએ વિજચોરીના વપરાશના બીલની રકમ ચુકવી આપેલ નથી ત્યારે ત્યારે દાવો કરી શકયા હોત પરંતું વાદી કંપની જો દાવો કરવામાં વિલંબ કરે તો તેવા વિલંબનો ચાર્જ પ્રતિવાદી પર નાંખી શકાય નહીં કારણ કે,પ્રતિવાદી જો બીલની લેણી રકમ ચુકવી ન આપે તો કાયદાકીય જોગવાઈ મુજબ વાદી તુંરત જ દાવો લાવી શકે છે આમ છતાં વાદી કંપની દાવો લાવવામાં વિલંબ કરે તો પોતે કરેલા કસુર બદલ વિલંબીત ચુકવણી ચાર્જ યાને કે ડી.પી.સી. વસુલ મેળવવા હકકદાર નથી. આમ વાદીની બાકી નીકળતી કુલ લેણી રકમ **રૂા.૧૬,૨૫૯.૭૩** માંથી ડી.પી.સી.ના **રૂા.૭૮૬.૭૯** બાદ કરતાં **રૂા.૧૫,૪૭૨.૯૪** પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા હક્કદાર બને છે.આ તમામ હકીકતો તથા રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખીક પુરવા ને આધારે આ કામના પ્રતિવાદી દવારા વાદી કંપનીના વિજકંપનીની વિજલાઈનમાંથી ગેરકાયદેસર રીતે વિજચોરી કરી વિજ વપરાશ કરેલ હોય જેના નાણા નોટીસ આપી માંગણી કરવા છતા ચુકવેલ ના હોય આ કામના વાદીએ પોતાની દાવા અરજીની તમામ હકીકતોને મૌખિક તથા દસ્તાવેજી પુરાવા થી અંશત:સાબીત કરેલ હોય જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય અંશત:હકારમાં આપવામાં આવે છે.

(૯) મુદાનં.ર :-

આ કામે વાદી વિજપુરવઠો પુરો પાડતી સંસ્થા છે અને જેના નિયમ મુજબ તેઓ વિજવપરાશની બાકી રકમ ઉપર વ્યાજ મેળવવા માટે વાદી હકકદાર છે.આ કામે વાદી કંપની દવારા દાવાઅરજીમાં વાર્ષિક **૧૮** % લેખેના ચડત વ્યાજની માંગણી કરવામાં આવેલી છે પરંતું વાદી અને પ્રતિવાદી વચ્ચેનો વ્યવહાર લાયસન્સી અને ગ્રાહકનો માની શકાય તેમ છે આ સંજોગોમાં સિવિલ પ્રોસીઝર કોડની કલમ-૩૪ ઘ્યાને લેવી જરૂરી છે. જે મુજબ જયારે પક્ષકારો વચ્ચે કરારથી વ્યાજનો દર નકકી થયો હોય તો તે મુજબ અથવા નેશનેલાઈઝડ બેંક ઘ્વારા લેવામાં આવતો દરની જોગવાઈ કરવામાં આવેલી છે અને જેમાં આવો વ્યાજનો દર ૬%થી વધુ ન હોવો જોઈએ તેમ પણ જણાવેલ છે હાલના કિસ્સામાં વાદી પ્રતિવાદી વચ્ચે કોઈ કરાર થયેલો નથી જેથી વાદી માંગ્યા મુજબનું **૧૮** % ના દરે વ્યાજ મેળવવા હકદાર થતા નથી તેમ છતાં નામ.એપેક્ષ કોર્ટના ચુકાદાઓ જોતાં આ પ્રકારનો દર વ્યાજબી હોવો જોઈએ તેમ જજમેન્ટોમાં ઠરાવેલ છે આ ચુકાદાઓના સીઘ્ધાંતો તથા કાયદાની પરિસ્થિતિ અને વાદી અને પ્રતિવાદી વચ્ચેનો વ્યવહાર જોતાં પ્રતિવાદી વાદીને હાલનો દાવો દાખલ કર્યા બાદ નાણા ચુકવે ત્યાં સુધી વાર્ષિક ૬ % લેખે વ્યાજ મેળવવા હકદાર હોવાનું પુરવાર થતુ હોય મુદાનં.ર નો નિર્ણય અંશત:હકારમાં આપવામાં આવે છે.

(૧૦) મુદાનં.૩ :-

ઉપરોકત ચર્ચા કર્યા મુજબ પ્રતિવાદીએ વાદી વિજકંપની પાસેથી વિજકનેકશન મેળવ્યાં સીવાય ની ગેરકાયદેસર રીતે વિજ લાઈનમાંથી ચોરીની વિજવપરાશ કરેલ છે અને આવા વિજવપરાશની રકમ માં ગણી કરવા છતા ચુકવેલ ના હોય વાદીએ માંગેલ દાદ મુજબ નાણા ચુકવવા પ્રતિવાદી જવાબદાર થાય છે.વધુમાં વાદીએ એમ પણ દાદ માંગેલી છે કે,પ્રતિવાદીની હરેક પ્રકારની માલીક મિલકતમાંથી વસુલ લઈ શકીએ તેવો હુકમ કરવાની પણ માંગણી કરેલ છે પરંતું આ તબકકે પ્રતિવાદી હુકમ મુજબની રકમ નહી ચુકવે તેમ અનુંમાન કરીને કોઈ ચોકકસ સ્થાવર કે જંગમ મિલકત હાલના સ્ટેજે સીધી જ હરાજી કરવાનો હુકમ કરવાનું યોગ્ય અને ન્યાયોચીત જણાતુ નથી,જેથી વાદીની આ કામના પ્રતિવાદી પાસેથી ગેરકાયદેસર રીતે વિજચોરી કરી વિજવપરાશ કરેલ તેની લેણી રકમ તથા તેના ઉપર ૬ % લેખે વ્યાજ મેળવવા હદકાર થતા હોય તેઓની દાદ અંશત:મંજુર થવાપાત્ર હોય મુદાનં.૩ નો નિર્ણય અંશત:હકારમાં આપવામાં આવે છે.

(૧૧) મુદાનં.૪ :-

ઉપરોકત મુદાનં.૧ થી ૩ ના નિર્ણયો તથા કારણો ધ્યાને લેતા મુદાનં.૪ લગત ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) આ કામના વાદી કંપનીનો દાવો અંશત: મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીને લેણી રકમ **રૂ.૧૫,૪૭૨.૯૪**/-દાવાની તારીખથી તે રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૬ % ના વ્યાજ સહિત ચુકવી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) આ દાવાનો ખર્ચ આ કામના પ્રતિવાદીએ વાદીને ચુકવી આપવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:ગઢડા
તા.૧૬/૦૫/૨૦૨૬

(હીતેશકુમાર અમરભાઈ મકા)
પ્રિન્સીપાલ સીવીલ જજ,ગઢડા
જજ કોડ નં.જી.જે.૦૧૪૫૯

એચ.એસ.પરમાર